તમારું મન જો મીણનું હોય તો તડકામાં ફરશો નહીં
- ફ્રેંકલીન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૪ | ૪ જુલાઇ, ૨૦૧૩, ગુરૂવાર; જયેષ્ઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સેક્ટર-૭માં એક કોલેરાનો પોઝીટીવ કેસ

## સગીરા બાળાની માતા પણ શંકાસ્પદ કેસ તરીકે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાઈ : નમૂના તપાસ માટે મોકલાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સે. ૭માંથી આજે એક કોલેરા પોઝીટીવ તેમજ એક શંકાસ્પદ કેસ મળી આવતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે અને તાબડતોબ આ વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

એક જ માસમાં આ ત્રીજો કેસ કોલેરા પોઝીટીવનો મળી આવ્યો છે. દસ વર્ષની નાની બાળકીનો આ પોઝીટીવ કેસ જણાતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ બાળકીની સાથે તેની માતાએ પણ ઝાડાની ફરિયાદ કરતાં તેણીનીને પણ દાખલ કરી તેના સેમ્પલો ચકાસણી માટે અમદાવાદ મોકલ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે શ્રમજીવી પરિવારની આ બાળકી અને તે સે. ૭માં નિકાલ પાત્ર ઠરાવેલ 'જ' ટાઈપના ક્વાર્ટરમાં નિવાસ કરે છે. આ પરિવાર આમ તો છુટક રોજગારી મેળવી રહેલ છે.

તંત્ર દ્વારા આ વિસ્તારમાં આજે બે જુદી જુદી ટીમો દ્વારા સર્વેલન્સ કરવામાં આવ્યું હતું પરંતુ કોઈ નવા કેસ મળ્યો નથી. તંત્રએ આ વિસ્તારમાંથી પાણીના નમુના મેળવીને પણ ચકાસણી માટે મોકલ્યા છે.

ગાંધીનગર શહેરમાં ગયા પખવિડાયે જુના સચિવાલય નજીક આવેલ મીના બજાર પાસેથી ઝુંપડપટ્ટીમાંથી તેમજ સે. ૨૪ના ઈન્દિરાનગર વિસ્તારમાંથી એમ બે છુટા છવાયા કોલેરાના કેસ મળી આવ્યા હતા. આ બન્ને વિસ્તારોમાં સઘન સર્વેલન્સની કામગીરી ચાલુ છે ત્યાં આજે વધુ એક કેસ સે. ૭માંથી મળી આવેલ છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલ ૩ કોલેરાના પોઝીટીવ કેસોમાં ત્રણેય નાની બાળાઓ છે. આથી તંત્ર વધારે ચોંકી ઉઠ્યું છે. તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાન અલગથી છેડવામાં આવ્યું છે. ઉપરાંત આરોગ્ય વિષયક લોક જાગૃતિનું પણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

● અનુસંધાન પાના - ૭ પર



દીકરીઓની ગોર્યો અને વ્રતોના દિવસો નજીક આવી રહ્યા છે એ બાબતની સાબિતી આપતાં અનેક પ્રમાણો બજારમાં જોવા મળે છે. એ પૈકીનું એક પ્રમાણ આ તસવીરમાં જોઈ શકાય છે. ખજૂરનો નાતો ગોર્યો અને વ્રત સાથે અવિભાજ્ય રીતે જોડાયેલો છે. અલબત્ત, એ માત્ર દીકરીઓ માટે જ છે એવું નથી. અન્ય સીઝનલ ફળની જેમ આ ખજૂર પણ પોષક તત્ત્વોથી એટલું જ ભરપૂર છે અને સ્વાદ તથા સ્વાસ્થ્યના શોખીનો એને ચાવથી આરોગે છે. પરંતુ તેમ છતાંય વર્ષોથી તેને વ્રતોની છડી પોકારનાર પ્રહરી અને વ્રત કરનારી કન્યાઓના સાથી તરીકે ઓળખવામાં આવે છે. (તસવીર : દિપક જાની)

# સરગાસણ-કુડાસણની કન્સ્ટ્રક્શન સાઈટો પરથી મચ્છરોના બ્રીડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર નજીક આવેલ સરગાસણ-કુડાસણ વચ્ચે ચાલી રહેલી જુદી જુદી કન્સ્ટ્રક્શન સાઈટો પર આજે ત્રાટકેલી મેલેરિયા વિભાગની ટીમે મચ્છરોના બ્રીડીંગ મોટી સંખ્યામાં પકડી પાડી અને કન્સ્ટ્રક્શન કંપનીના સંચાલકોને તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી હાથ ધરવા માટેની સૂચનાઓ આપી હતી. જિલ્લા મેલેરિયા તંત્ર દ્વારા આજે ડભોડા, પ્રાંતિયા, ઉવારસદ તેમજ ગાંધીનગર બ્લોક કચેરીના કર્મચારીઓની જુદી જુદી ટીમો બનાવી અને આ સાઈટોનું ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. ૧૮ સાઈટોના ઈન્સ્પેક્શન દરમ્યાન ૮૭થી વધુ મકાનોની તપાસ હાથ ધરાઈ હતી. જે ૧૮ સાઈટોનું ઈન્સ્પેક્શન કરાયું હતું તેમાંથી ૧૦ જેટલી સાઈટો પર મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા હતા.

તંત્ર દ્વારા આજે પણ સાઈટોનું ઈન્સ્પેક્શન ચાલુ રાખવામાં આવશે તેમ જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે જુદી જુદી સાઈટો પર કામ કરતા ૪૦૦ જેટલા મજૂરોના બ્લડ સેમ્પલ અને સ્લાઈડ પણ તંત્ર દ્વારા મેળવી અને ચકાસણી માટે મોકલવામાં આવી છે.

આ વિસ્તારમાં મચ્છરોના ઉપદ્રવની વધેલી ફરિયાદોના પગલે આજે તંત્ર એકાએક ત્રાટક્યુ હતુ અને ત્યાં સ્થિતિ જોયા બાદ તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા છે. અહિંથી મળી આવેલા બ્રિડીંગનો નાશ કરવા માટે તાત્કાલિક એન્ટી લારવેલ કામગીરી હાથ ધરવા માટે કોન્ટ્રાક્ટરોને અધિકારીઓએ કડક રીતે જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં પણ ચાલતી જુદી જુદી કન્સ્ટ્રક્શન સાઈટો પર અગાઉ તંત્રએ વિઝીટ કરી હતી અને ત્યાંથી પાંચ જેટલા મજૂરોને મેલેરિયા પોઝીટીવ જણાતાં તેમને તાત્કાલિક સારવાર શરૂ કરાઈ હતી તેમજ એન્ટી લારવેલની કામગીરી કરવા કડક સૂચનાઓ જારી કરાઈ હતી. ગત વર્ષે પણ શહેરમાં નોંધાયેલા કેસોમાં મજૂર દર્દીઓની સંખ્યા નોંધપાત્ર રહી હતી તેથી આ વખતે તંત્ર તેની કામગીરીમાં કોઈ જ કચાશ રાખવાના મૂડમાં નથી.

# મેડીકલ કોલેજનું આજકાલમાં મેડીકલ કાઉન્સીલ દ્વારા ઈન્સ્પેક્શન

## સ્ટાફની નિમણુંક અને ચકાસણીના મુદ્દે બીજીવાર કાઉન્સીલ અને સંચાલકો વચ્ચે મડાગાંઠ છે ?

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મેડીકલ કોલેજમાં બીજા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમ આજે પુનઃ ઈન્સ્પેક્શન અર્થે આવી રહી હોવાથી કોલેજ કેમ્પસ અને હોસ્પિટલ કેમ્પસમાં તેની તડામાર તૈયારીઓ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું.

મેડીકલ કોલેજના બીજા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી માટે એપ્રિલ માસમાં કાઉન્સીલની ટીમે ઈન્સ્પેક્શન કર્યુ હતુ અને તે દરમ્યાન સ્ટાફની અપૂર્ણતા અંગેની ત્રુટી જણાઈ હતી. કાઉન્સીલે આ ક્વેરી અંગે કોલેજ સત્તાવાળાઓને ખુલાસો કરવા જણાવાયુ હતુ. પરંતુ કોલેજ સત્તાવાળાઓના જવાબથી સંતોષ ન થતાં હવે કાઉન્સીલ ટીમ પુનઃ તપાસ અને ખરાઈ માટે આવી રહી છે.

મેડીકલ કોલેજના ડીન ડૉ. વ્યાસને આ અંગે પુછતાં તેમણે જણાવ્યું હતું કે કાઉન્સીલ તરફથી સત્તાવાર જાણ નથી થઈ ટીમ ગમે ત્યારે તપાસ માટે આવી શકે છે. સ્ટાફની ભરતી અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ હોવાનું કોલેજ સંચાલકોના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યું છે. મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ આ વખતે સ્ટાફ અંગે અત્યંત કડક વલણ અખત્યાર કર્યું છે. શૈક્ષણિક કર્મચારીઓની ઘટ નહિ ચલાવી લેવાના વલણને કારણે પુનઃ તપાસ ગાંધીનગર મેડીકલ કોલેજની થઈ રહી છે.

● અનુસંધાન પાના - ૭ પર

# નકલી સોનુ વેચી ચીટીંગ કરતો વોન્ટેડ આરોપી ૭ વર્ષે ઝડપાયો

ગાંધીનગર, તા. ૩

મુન્દ્રા વિસ્તારમાં જઈને સસ્તા ભાવે સોનુ આપવાનું કહીને નકલી સોનુ પધરાવી છેતરપીંડી આચરી ફરાર થઈ જનાર આરોપી અડાલજ પોલીસે પકડી પાડ્યો છે. સાત વર્ષથી વોન્ટેડ આરોપી ખોરજ ગામમાંથી ઝડપાઈ ગયો છે. પોલીસે તેની ધરપકડ કરીને છેતરપીંડીના આરોપીને મુન્દ્રા પોલીસ સ્ટેશને તપાસ માટે મોકલી અપાયો છે.

અડાલજ પી.એસ.આઈ. એસ.જી. વાઘેલા તથા એ.એસ.આઈ. અબ્બાસખાને બાતમીને આધારે આજે ૭ વર્ષથી વોન્ટેડ છેતરપીંડીનો આરોપી પકડી પાડ્યો છે. ખોરજમાં રહેતો અરજણ કાના મારવાડી નામનો શખ્સ મુન્દ્રા વિસ્તારમાં વર્ષ ૨૦૦૬માં હતો અને ત્યાં સોનાની માળા સસ્તા ભાવે આપવાનું કહીને નકલી સોનુ એક વ્યક્તિને પધરાવી ફરાર થઈ ગયો હતો. ૭ વર્ષથી આ આરોપી નાસતો ફરતો હતો. દરમ્યાન અડાલજ પોલીસમથકના પીએસઆઈની બાતમી મળી કે ખોરજ ગામમાં ઉપરોક્ત વોન્ટેડ આરોપી છે જેને આધારે ટીમ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી અને વોન્ટેડ આરોપીને પકડી પાડીને તેને મુન્દ્રા પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.


કડવા પાટીદાર જીવનસાથી પસંદગી નોંધણી સેવા કેન્દ્ર
સેક્ટર-૨૪ ચોકડી, પટેલ પાર્લર ઉપર
સમય : સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ કલાકે
ડો. ડી. એસ. પટેલ
મો. : ૯૦૯૯૯૪૫૨૪૨
અમદાવાદ (રાણીપ)
દ્વારકાદાસ એસ. પટેલ
મો. : ૯૪૭૮૬ ૪૪૮૭૭


# જિલ્લામાં ૧૫૦ વિદ્યાસહાયકોને સમાવાશે

## વધ-ઘટનો બદલી કેમ્પ ૬ઠ્ઠી જુલાઈએ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં ૧૫૦ જેટલા વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવશે. આ માટેનું મેરીટ લીસ્ટ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના અમલીકરણને જોતાં જિલ્લામાં આ વર્ષે ૧૫૦ જેટલા શિક્ષકોની ઘટ રહે તેવી સંભાવનાઓ છે. ઓગષ્ટ માસ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા સંપન્ન થઈ જતાં આ ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

દરમ્યાન શિક્ષણ વિભાગના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના શિક્ષકોની વધ-ઘટનો બદલી કેમ્પ આગામી ૬ઠ્ઠી જુલાઈના રોજ ગાંધીનગર બી.આર.સી. ભવન ખાતે યોજવામાં આવનાર છે.

જિલ્લામાં માણસા-કલોલ અને દહેગામમાં શિક્ષકોની ઘટ વધુ હોવાના નિર્દેશો મળી રહ્યા છે. તંત્ર દ્વારા હાલ શિક્ષકોની ઘટને લઈ ચકાસણીની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે.

શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ તાજેતરમાં સંપન્ન થયો છે. આ વર્ષે નવા ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હોવાથી વધ-ઘટની ચકાસણી ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.


ગુજરાત સરકારમાં Dy.S.P./ DC / SO TDO / મામલદાર ની નોકરી મેળવો!
GPSC વર્ગ 1/2
જાહેરાત સંભવિત ઓગસ્ટ-2013
અંદાજીત જગ્યાઓ 1350+
100% ગેરંટી પૂર્વકનું શિક્ષણ
બ્રિલિયન્ટ બેચ-2014
ઈકોનોમિક બેચ-2014
ગાંધીનગર શાખા માટે
મહેસાણા શાખા માટે
11.7.2013
28.7.2013
18.8.2013
28.7.2013
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર - 9537614606
મહેસાણા - 9537614607



LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૮૨૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧



વેલકમ હમ દિલસે કરતે હૈ...
હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશયલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+ કોલ્ડ્રીંક
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
એ.સી. બેન્કવેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)
પાર્કીંગ વ્યવસ્થા
લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ (ઘ-૭ની આગળ)
રીલાયન્સની નજીક, રિલાયન્સ ચોકડી પાસે, કુડાસણ, ગાંધીનગર
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com